હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઇમ્સ ઓફ ખત્રી

# Times of Khatri

માસિક

HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૮ અંક-૧૦ સળંગ અંક-૯૦ માહે-રબીઉલ આખર હિજરી-૧૪૪૬ ઓક્ટોબર-૨૦૨૪

તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## શૈતાનીયતથી બચવાના ઉપાય

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી ''નૂરી'', દુબઇ

આપ સૌ જાણો છો કે શૈતાન-મરદૂદ ઇન્શાનનો ખુલ્લો દુશ્મન છે. તેના મક્રો-ફરેબથી બચવા માટે સૌ પ્રથમ તો અલ્લાહની પનાહ માંગવી જરૂરી છે. શૈતાન અને તેના ચેલાઓ મનુષ્યને ખુદા ત્આલાની બંદગીથી દૂર કરવા હંમેશા પ્રયત્નશીલ રહે છે.

શૈતાનની ઉત્પત્તિ વિષે તો આપ જાણો જ છો. એ મકબૂલ ફરિસ્તો જેણે પોતાની જાતને ઘમંડમાં આદમ અલૈહિસ્સલામને અલ્લાહના હુકમની નાફરમાની કરી સજદો કરવા ઇન્કાર કરી દીધો અને તેના ગલામાં લાનતની તોક પડી ગઇ. નૂરે મુસ્તુફાની બેઅદબીના કારણે તેને અલ્લાહના દરબારમાંથી અપમાનીત કરી કાઢી મૂકવામાં આવ્યો. અહીં બે મુદ્દા સ્પષ્ટ થઇ ગયા કે શૈતાનના મક્રો-ફરેબથી બચવું હોય તો કદી ઘમંડ ન કરવું. સરકારે મદીના (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની તાજીમ બરહક છે.

અલ્લાહ જલ્લેશાનહુ એ ત્રણ પ્રકારના જીન પેદા કર્યા (૧) સાંપ-વીંછી અને જમીનના કીડા મકોડા વિગેરે (૨) જે પ્રકાર અવકાશમાં હવાની જેમ છે (૩) જે પ્રકાર તે છે જે જેના પર હિસાબ-કિતાબ થશે. (હઝરત અબુ દરદા રદીઅલ્લાહુ અન્હુની હદિષનું મફહૂમ છે)

શૈતાનીયતથી બચવા માટે ઘણાં બધા સૂચનો અને હિદાયતો દિને ઇસ્લામમાં વર્ણવવામાં આવેલ છે. તેમાંથી થોડીક નશીહતો વિષે જાણીએ અને તેના પર અમલ કરીએ તો ફાયદામાં રહીશું.

આપણે સૌ મસ્જિદ/ઘરમાં નમાઝ પઢતા હોઇએ છીએ. મસ્જિદમાં તો અઝાન થાય છે પણ ઘરમાં પણ અઝાન પઢીએ તો શૈતાની હરકત દૂર થઇ જાય છે. કોઇપણ સમયે શૈતાની હરકત થતી જુઓ તો ફૌરન અઝાન આપો.

કોઇપણ નેક કામ કરતા તમને રોકે તો તે સમયે ''લા હૌલ વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહ'' પઢો.

ત્રીજુંઃ કોઇપણ સમયે ખાવાનું શરૂઆત કરો તે પહેલાં ''બિસ્મિલ્લાહ હિર્રહમા નિર્રહીમ'' અવશ્ય પઢી લો. કારણ કે જો બિસ્મિલ્લાહ પઢયા વગર જમવા બેસસો તો તમારી સાથે ઘરની છત પર રહેલ મુસ્લિમ જીન્ન તમારા ભાણામાં બેસી ખાણું ખાવા લાગશે. ખાવામાં બરકત નહીં લાગે. આ મુસ્લિમ જીન્ન મારફત ઘણી વખત હિફાઝત પણ થતી હોય છે. (હઝરત યજીદ બિન ઝાબિર રદીઅલ્લાહુ અન્હુની રિવાયત મુજબ હદિષનું મફહૂમ)

ચોથુંઃ તમારા સુવાના પલંગ પર જે બિસ્તર પાથરેલું હોય છે તેના પર જયારે કોઇ સુતુ નહીં હોય ત્યારે તેના પર શૈતાન સૂએ છે. તો આ બાબતે વિશેષ ધ્યાન આપવું.

પાંચમુંઃ નીચેના કાર્યો કરવાથી શૈતાન દૂબળો પડે છે. (એ) કોઇપણ કામ શરૂ કરતાં પહેલાં ''બિસ્મિલ્લાહ'' પઢવાથી (બી) સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમનું નામ સાંભળતા દરૂદ શરીફ પઢવાથી (સી) કોઇપણ કાર્ય શરૂ કરવા પહેલાં ''ઇન્શાઅલ્લાહ'' બોલાવાથી (ડી) આપસમાં સલામ કરતા રહેવાથી (ઇ) આપસમાં એકબીજાને મળો ત્યારે મુસાફઅ કરવાથી (એફ) ગુનાહ થઇ જાય તો અલ્લાહથી તુરત જ તૌબા કરી લેવાથી પણ શૈતાન નબળો પડે છે.

છઠ્ઠુંઃ નમાઝ પઢવામાં સૂસ્તી આવતી હોય, નમાઝમાં શૈતાની વસવસા આવતા હોય તો નિય્યત પહેલાં નીચેની દુઆ પઢી લેવી ''હોવલ અવ્વલુ હોવલ આખેરૂ હુવજ જાહેરૂ હોવલ બાતેનુ વહોવા અલા કુલ્લે શૈઇન કદીર.''

સાતમુંઃ ભૂત-પલીત-શૈતાની હરકતો જુઓ તો અઝાન પઢવાનો હુકમ આપેલ છે.

આઠમુંઃ જે ઘરમાં ''સુરે બકરાહ'' પઢવામાં આવે છે ત્યાંથી તે ઘરમાંથી શૈતાની હરકત દૂર થઇ જાય છે. કુર્આન શરીફમાં સૌથી મોટી સુર છે. તેના અઝીબો ગરીબ ફાયદા છે. આખરી આયતો પઢવાથી ઘરમાં શૈતાન નહીં આવે.

નવમુંઃ શૈતાની હરકતો દૂર કરવા સૌથી શ્રેષ્ઠ પ્રયત્ન કોઇ હોય તો તે ''આયતલ કુર્શી'' છે. આયતલ કુર્શી પઢતા રહેશો તો હર આફત-મુશીબત-બલાઓથી પણ હિફાઝત થતી રહેશે. ઘરથી બહાર જવાનું થાય તો આયતલ કુર્શી પઢીને જ જવું. ઘરે પરત ફરતા સુધી અલ્લાહની સુરક્ષામાં રહેશો. શૈતાની

+91 9820223138

Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)

Asif Khatri
Managing Director

179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

હરકતોથી, હાદસાઓથી સુરક્ષા થતી રહેશે. આયતલ કુર્શી સિવાય પણ કલામે પાકની એ તાસીર છે કે તમારો શૈતાન દૂબળો-પતલો અને કમજોર રહે છે. કિતાબુલ્લાહના ઝરીયે તમો તેના પર પ્રભાવશાળી રહેશો. કુલ્હોવલ્લાહ, કુલ અઉઝો બિ રબ્બીલ ફલક અને સુરે નાશથી પણ શૈતાની હરકતોથી તમારી હિફાઝત થતી રહેશે. રાત્રે સુતી વખતે તે પઢવાનો હુકમ છે. જેથી પુરી રાત સુરક્ષિત રહેશો. રાત્રે સુતી વખતે પુરી બિસ્મિલ્લાહ (અઉઝો....રઝીમ.., બિસ્મિલ્લાહ...નિર્રહીમ) ૨૧ વખત પઢી લેશો તો અલ્લાહના ફરિસ્તાઓ તમારી હિફાઝત કરતા રહેશે. માશાઅલ્લાહ. એટલું યાદ રાખવું કે મોમીનનો શૈતાન લાચાર અને કમજોર હોય છે.

અલ્લાહના ઝિક્રથી શૈતાન ભાગે છે. પરંતુ જ્યારે બંદો ઝિક્રથી ગાફિલ થઇ જાય છે તો તે શૈતાન તેના દિલમાં વસવસા નાખી દે છે. શૈતાનને દિલના વસવસા નાખતો બંધ કરવો હોય તો ''લા ઇલાહા ઇલ્લલ્લાહ''ના ઝિક્રથી પણ દૂર કરી શકાય છે. જ્યારે તમને લાગે કે શૈતાનના મક્રો-ફરેબથી પરેશાન છો તો ''આમન્તુ બિલ્લાહી વ રસૂલિહી'' પઢતા રહેવું જોઇએ તો તેનાથી શૈતાન ભાગી જાય છે. (અર્થઃ અલ્લાહ અને તેના રસૂલ પર હું ઇમાન લાવ્યો)

તમે શૈતાનને ક્યારેય રડતા જોયો છે? ચાલો, તે વિષે પણ જાણીએ. જ્યારે કોઇ મોમીન બંદાને ફિતના (લડાઇ-ઝઘડા)માં ફસાવી શકતો નથી ત્યારે તે બહુ જ રડે છે. હઝરતે સફવાન પોતાના શૈખથી રિવાયત કરે છે કે ''જ્યારે કોઇ મોમીન દુનિયામાં શૈતાનના ફિતનાથી ફસાવી શકતો નથી અને તે ગુજરી જાય છે ત્યારે શૈતાન એના પર ખૂબ રડે છે.''

તમને જાણીને નવાઇ લાગશે કે હઝરત ઇબ્ને શિહાબ વર્ણવે છે કે ઇબ્લીશ જિન્નોનો બાપ છે. જેવી રીતે આદમ અલૈહિસ્સલામ દરેક ઇન્સાનોના બાપ છે. તે જ રીતે ઇબ્લીશ જિન્ન છે અને તમામ જિન્નોનો બાપ છે.

શૈતાન અને તેના કુટુંબીજનોની માહિતી નીચે પ્રમાણે છે. હઝરત મુઝાહિદ ફરમાવે છે કે ઇબ્લીશ (શૈતાન-મરદુદ)ના પાંચ પુત્ર છે અને તે દરેકના કામકાજની માહિતી રજૂ કરી છે, તે જાણીએ :

(૧) સૂબરઃ આ મુસીબતોનો ભંડાર છે. જે હલાક કરનાર, તોહમત લગાવનાર, મારપીટ કરનાર અને મોટી મોટી ડંફાસો મારવાનો હુકમ આપે છે.

(૨) અઉદઃ આનું કામ જીનાકારીની પ્રેરણા આપવી, તે ખુદ જીના કરે છે ને બીજાઓને પણ પ્રોત્સાહિત કરે છે.

(૩) મસૂતઃ એ જુઠાનો સરદાર છે. તે જૂઠ ફેલાવી એકબીજામાં વૈમન્સ્ય ફેલાવે છે. એકબીજાને લડાઇ કરાવવા જૂઠ પણ ફેલાવે છે.

(૪) દાસિમઃ તેનું કામ લોકોમાં ગુસ્સો ફેલાવવાનું છે. તે ઘરમાં જઇ ઘરની વ્યક્તિની એબ દેખાડી ઉશ્કેરે છે. લોકોમાં અવિશ્વાસ ફેલાવી ગુસ્સે કરી ઘરમાં ઝઘડાના મૂળ રોપે છે.

(૫) જલનબૂરઃ તે બજારમાં પોતાનો ઝંડો ફરકાવતો ફરે છે. તે બજારમાં આવતા-જતા લોકોને ગેરમાર્ગે દોરે છે અને ગુનાહના કામ કરાવે છે. (હવાલા-ઇબ્ને અબિદ્દુનિયા)

શૈતાને બિછાવેલી જાળને પણ જાણવી જરૂરી છે. જેથી આપણે તેનાથી બચી શકીએ.

(૧) પ્રથમ જાળઃ દુનિયાઃ રંગબેરંગી દુનિયાની જાળમાં ફસાવું ના જોઇએ. આ દુનિયા ફાની છે. એની મોહજાળમાં ના ફસાઇ તે માટે નિયમિત ઇબાદતે ઇલાહીમાં મશગૂલ રહેવું જોઇએ.

(૨) અતિગુસ્સોઃ આ શૈતાનની બીજી જાળ છે. ગુસ્સો કરવાથી ઇન્સાન સારા-નરસાનું ભાન ભૂલી જાય છે. તેના લોહીમાં શૈતાન ભ્રમણ કરે છે તે ત્યારે ગુસ્સે ભરાયેલ ઇન્સાનને ફૂટબોલની જેમ પટકે છે અને તે બુરૂ કામ કરી બેસે છે.

(૩) પરાઇ ઔરતઃ શૈતાનનું તે અડધું લશ્કર છે. શૈતાનનું તે એવું તીર છે જે કદી ખાલી જતું નથી. માટે જ ઔરતો માટે ''પરદો'' અને મર્દો માટે ''નઝર નીચી'' રાખવાનો હુકમ થયો છે. ઔરત એ શૈતાનનું ખતરનાક હથીયાર છે. જેનાથી આપણે સૌએ બચવાની જરૂરત છે.

(૪) હસદઃ હસદને કારણે જ શૈતાન-મરદૂદ થયો. ફરિસ્તાઓને સબક આપનાર લાનતે ખુદાવંદીનો હકદાર થયો. માટે કોઇની પણ હસદ કરવી નહીં.

(૫) લાલચઃ લાલચ બૂરી બલા છે. લાલચમાં ઇન્સાન આવી જાય તો તે નુકશાનમાં ઉતરી જાય છે.

અલ્લાહના નેક બંદા (વલી-ગૌષ-કુતુબ-પયગંબર) પર અલ્લાહની રેહમો કરમની નવાજીસ થતી હોય છે. તેથી અને તેઓને શૈતાન ગેરમાર્ગે દોરી શકતો નથી, તેમને નુકશાન પહોંચવાની કોઇ વાત જ નથી.

અનુસંધાન પાના નં. ૮ ઉપર

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

# હાલાઈ મુસ્લિમ ખત્રી જમાઅત, પોરબંદર દ્વારા આયોજીત જમાતખાના ઈફ્તેતાહ અને શૈક્ષણિક ઈનામી મેળાવડો-૨૦૨૪

મેનેજીંગ કમીટી, પોરબંદર હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત

અલ્લાહના ફઝલો કરમથી અને તેના પ્યારા નબી એ પાક (સલ્લલ્લાહુ અલૈહે વસલ્લમ)ના સદક-એ તુફૈલથી ''ખત્રી જમાતખાના-પોરબંદર રીનોવેશન''નું કામ મુકમ્મલ થયેલ છે. આ નવનિર્મિત, વધુ સારી સગવડો ધરાવતા આધુનિક ''ખત્રી જમાતખાના પોરબંદર''ને કૌમની સેવા માટે ખુલ્લુ મૂકતાં પોરબંદર જમાતની મેનેજીંગ કીમીટી ગર્વ અને ખુશીની લાગણી અનુભવે છે.

આ ખુશીના મૌકાની ઉજવણી માટે ખત્રી જમાતખાના, પોરબંદર ખાતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ જે નીચે મુજબ છે.

તા. ૩૧-૮-૨૪ શનિવાર રાત્રે ૧૦-૩૦ થી ૧૧-૩૦ સુધી ''મહેફિલે મીલાદ''નો મુકદ્દસ કાર્યક્રમ રાખવામાં આવેલ. આ મહેફિલે મીલાદની સાથોસાથ મૌલાના મોહતરમ જનાબ મુસ્તુફારઝા 'ચમની'ની મુખ્તસર તકરીરનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં પોરબંદર ખાતેની અન્ય જમાતોની મેનેજીંગ કમીટીના સદસ્યોને તેમજ પોરબંદર જમાતને છડી દાવત આપવામાં આવેલ. અલ્હમ્દોલિલ્લાહ, આ કાર્યક્રમમાં ખત્રી જમાત તેમજ અન્ય જમાતોના ઘણાં બિરાદરોએ હાજરી આપી આ કાર્યક્રમને સફળતા બક્ષી આપેલ.




તા. ૧-૯-૨૪ સવારે ૧૦-૩૦ કલાકે ખત્રી જમાતખાનાના ઈફ્તેતાહ સમારોહ સાથે પોરબંદર જમાતના વિવિધ કક્ષાના વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કરવા માટે ''શૈક્ષણિક ઈનામી મેળાવડા''નો કાર્યક્રમ રાખવામાં આવેલ. આ કાર્યક્રમમાં શિરકત માટે પોરબંદર હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત દ્વારા જમાતખાના રીનોવેશનના કામમાં આર્થિક યોગદાન આપનાર પોરબંદર જમાતના સખીદાતાઓ તેમજ દેશ અને વિદેશના ખત્રી દાતાઓ, આપણાં સમાજના વિવિધ અગ્રગણ્ય સંસ્થાઓની મેનેજીંગ કમીટીઓ, જેમ કે હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશન, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર), વર્લ્ડ હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ (રાજકોટ), ખત્રી ઈકો ફાઉન્ડેશન (જેતપુર) તેમજ દેશભરની વિવિધ ગામોની જમાતોની મેનેજીંગ કમીટીઓને આમંત્રણ આપવામાં આવેલ અને આમંત્રિત સંસ્થાઓ, જમાતો અને મેનેજીંગ કમીટી સદસ્યોએ પોરબંદર જમાતના આમંત્રણને માન આપી, પોતાનો અમુલ્ય સમય આપીને આ કાર્યક્રમમાં હાજરી આપેલ તે બદલ પોરબંદર હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત આપ સૌની શુક્રગુઝાર છે.

કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦.૩૦ વાગ્યે, જનાબ હાફિઝ મુસ્તફા રઝા અલીમોહંમદ ગિરાચ દ્વારા તેમના મધુર આવાઝમાં તિલાવતે કલામે પાકથી કરવામાં આવેલ. જનાબ ફૈયાઝ ગુલાહુસેન કારાતેલા દ્વારા તેમના સુરીલા આવાઝમાં નાઅતે રસુલ અને મનકબત શરીફ પેશ કરેલ.

પોરબંદર હાલાઈ મુસ્લિમ જમાતના પ્રમુખ જનાબ નઝીરઅહમદ અ.શકુર કારાતેલા દ્વારા નવનિર્મિત ખત્રી જમાતખાનાનું ઉદ્ઘાટન કરી, કૌમની સેવા માટે ખુલ્લું કરવાનું એલાન કરવામાં આવેલ તેમજ પોરબંદર જમાતના આમંત્રણને માન આપી પધારેલ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ.

જનાબ નઝીરઅહમદ અ.શકુર કારાતેલા, પ્રમુખસાહેબ, પોરબંદર જમાતને આજના ઈફતેતાહની સદારત માટેની દરખાસ્ત અને ટેકો આપી સ્ટેજ પર આવવા આમંત્રણ આપી, સ્ટેજ પર સ્થાન આપવામાં આવેલ.

નીચે મુજબના મહાનુભાવોને સ્ટેજ પર આવવા



Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK
Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care
1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396 95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786 www.maplestar.ae Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679
مبيل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.
Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

આમંત્રણ આપી સ્ટેજ પર સ્થાન આપવામાં આવેલ. (૧) જનાબ મુસ્તાક યુસુફ ગિરાચ, પ્રમુખ સાહેબ, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન (૨) જનાબ હાજી આફતાબ ગુલામહુસેન કારાતેલા (૩) જનાબ મો.રફીક અબ્દુલ્લાહ વિજળીવાઢા

જનાબ મો.શફી ગુલામહુસેન કારાતેલા અને જનાબ મો.હુઝૈફ મો.અમીન ડોર દ્વારા તેમની આગવી શૈલીમાં કાર્યક્રમનું સંચાલન તેમજ હાજર જમાતી બિરાદરોને આવકાર. તેમના દ્વારા જમાતખાના બંધકામ, ઇનામી મેળાવડાને સુસંગત ઉદ્‌બોધન કરવામાં આવેલ.

જમાતખાના રીનોવેશનના સમગ્ર કામમાં તન, મન અને ધનથી પોતાનું અમુલ્ય યોગદાન આપવા બદલ (૧) જનાબ મુઝકકીરઅહમદ મકસુદ ભેડા, આર્કીટિકટ ને જનાબ નઝીરઅહમદ અ.શકુર કારાતેલા, પ્રમુખ સાહેબ પોરબંદર જમાતના હસ્તે મોમેન્ટો આપવામાં આવેલ. (૨) જનાબ સાજીદ આહમદ ભેડા, જમાતના પેઇડ સેક્રેટરી ને જનાબ નઝીરઅહમદ અ.શકુર કારાતેલા, પ્રમુખ સાહેબ, પોરબંદર જમાતના હસ્તે મોમેન્ટો આપવામાં આવેલ.


DT.1-9-24 MORNING
JAMATKHANA INAUGERATION CEREMONY

જમાતખાના રીનોવેશન કમીટી અને પોરબંદર જમાતની મેનેજીંગ કમીટીનું બહુમાન, મુરબ્બી જનાબ હાજી આફતાબ ગુલામહુસેન કારાતેલા તેમજ જનાબ મુસ્તાક યુસુફ ગિરાચ, પ્રમુખ સાહેબ, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનના હસ્તે મોમેન્ટો આપવામાં આવેલ.

શૈક્ષણિક ક્ષેત્રના અનુભવી જનાબ મો.હુઝૈફ મો.અમીન ડોર દ્વારા શૈક્ષણિક ક્ષેત્રને લગત માર્ગદર્શન અને ઇનામી મેળાવડાને સુસંગત માર્ગદર્શન/ઉદ્‌બોધન.

ઉપસ્થિત મહેમાનો, મુરબ્બીઓ, જમાતી બિરાદરો અને વિદ્યાર્થી ભાઇ બહેનો અને હાજર બિરાદરો દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવેલ. (૧) ગિરાચ મો.નબીલ મુસ્તફા ગિરાચ (૨) ખથુરિયા રીમ્શાબાનુ રાગીબ (૩) જનાબ અનવરભાઇ ટાટારીયા, જામનગર (૪) જનાબ યુનુસ અ.સત્તાર રાજાવાઢા, જૂનાગઢ (૫) જનાબ મુઝકકીરઅહમદ અ.સત્તાર ભેડા, પોરબંદર (૬) જનાબ જાફર જાવિદ ધડા, પોરબંદર.

ત્યારબાદ પોરબંદર જમાતના નર્સરી, એલ.કે.જી. થી લઇને માસ્ટર ડીગ્રી સુધીના વિદ્યાર્થી ભાઇ-બહેનોને શૈક્ષણિક કારકીર્દી માટે પ્રોત્સાહિત કરવા ઇનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. આ ઇનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. આ ઇનામ વિતરણ કાર્યક્રમમાં પોરબંદર જમાતના કુલ ૯૩ વિદ્યાર્થી ભાઇ-બહેનોને સ્થાનિક જમાતના કમીટી મેમ્બરો અને મહાનુભાવો, જમાતખાના રીનોવેશ કામના દાતાઓ, બહારગામથી પધારેલ વિવિધ સંસ્થાઓના હોદ્દેદારોના હસ્તે ઇનામો આપવામાં આવેલ. આ ઇનામ વિતરણ કાર્યક્રમમાં પોરબંદર જમાત ઉપરાંત સમાજની વિવિધ સંસ્થાઓ, અલગ અલગ ગામની જમાતો એ પોરબંદર જમાતના વિદ્યાર્થી ભાઇ-બહેનોને શૈક્ષણિક કારકીર્દીમાં પ્રોત્સાહિત કરવા માટે, જે ઇનામોની જાહેરાત કરી વિતરણ કરેલ તે બદલ આ સર્વે સંસ્થાઓ, જમાતોનો પોરબંદર જમાત આભાર વ્યકત કરે છે.

આજના આ ઇનામી મેળાવડામાં પોરબંદર જમાતના વિદ્યાર્થી ભાઇ-બહેનોને વિવિધ સંસ્થાઓ, જમાતો અને મહાનુભાવો તરફથી ઇનામ વિતરણ કરેલ તેની વિગતો નીચે મુજબ છે.

(૧) પોરબંદર જમાત તરફથી નર્સરી, એલ.કે.જી. અને યુ.કે.જી.ના બાળકોને કોમન ઇનામ, ધો. ૧ થી ધો. ૧૨ સુધીના પ્રથમ અને દ્વિતિય ક્રમે આવેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને વિશિષ્ઠ ઇનામ અને બાકી રહેતાં વિદ્યાર્થી ભાઇ-બહેનોને કોમન ઇનામ.

(૨) ઓલ મુસ્લિમ ખત્રી અંજુમન (પોરબંદર) તરફથી ધો. ૮ થી માસ્ટર ડીગ્રી સુધીના પ્રથમ અને દ્વિતિય ક્રમે આવેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ.

(૩) હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન તરફથી રૂા. ૧૧,૦૦૦/- ઇનામી મેળાવડા પ્રસંગે પોરબંદર જમાતને ભેટ.

(૪) વર્લ્ડ હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ (રાજકોટ) તરફથી કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ.

CSC HDFC BANK BAJAJ Allianz ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri
Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

(૫) હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત, રાજકોટ તરફથી ધો. ૧ થી ૧૨ સુધીના પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ.

(૬) હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત, જામનગર તરફથી એક ભીંત ઘડિયાળ ઇનામી મેળાવડા પ્રસંગે.

(૭) હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત, વેરાવળ તરફથી ધો.૧ થી ધો. ૧૨ સુધીના પ્રથમ ક્રમે આવેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ.

(૮) હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત, જૂનાગઢ તરફથી ધો. ૧ થી ધો. ૧૨ સુધીના દ્વિતિય ક્રમે આવેલ વિદ્યાર્થી ભાઇ-બહેનોને ઇનામ.




(૯) પોરબંદરના રહીશ જનાબ મોહમદહુસેન અ.સત્તાર ધડા તરફથી નર્સરી, એલ.કે.જી. અને યુ.કે.જી. થી ધો. ૪ સુધીના બાળકોને પેન્સીલ સેટ અને ધો. ૫ થી માસ્ટર ડીગ્રી સુધીના વિદ્યાર્થી ભાઇ-બહેનોને એક પેન.

આજના ઇનામી મેળાવડા પ્રસંગે, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન દ્વારા સ્થાનિક પોરબંદર જમાતને રૂા. ૧૧,૦૦૦/- આ ઇનામી મેળાવડાના ખર્ચમાં સહાયરૂપ થવા ભેટ આપવામાં આવેલ. હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન દ્વારા સ્થાનિક જમાતને આપવામાં આવેલ આ રકમ થકી ન કેવળ સ્થાનિક જમાતના ઉત્સાહમાં વધારો થશે બલ્કે અન્ય જમાતો પણ પોતાના ગામોમાં શૈક્ષણિક ઇનામી મેળાવડા યોજવા માટે પ્રેરણાદાયી બનશે. હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનની આ પહેલથી આપણે સૌ ઉમ્મીદ રાખીએ કે જે તે ગામના વિદ્યાર્થી ભાઇ-બહેનો પોતાની શૈક્ષણિક કારકીર્દી પ્રત્યે વધુ સજાગ અને ઉત્સાહી બનશે અને ઝળહળતી સફળતાઓ મેળવી પોતાનું તેમજ જે તે ગામ-જમાતનું પણ નામ રોશન કરશે, ઇન્શાઅલ્લાહ.

હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશન દ્વારા સ્થાનિક જમાતને આપેલ ભેટથી પ્રેરણા લઇને આ કાર્યક્રમમાં હાજર રહેલ વિવિધ જમાતોના પ્રતિનિધિઓ/કમીટી મેમ્બરોએ જેમ કે જેતપુર જમાત, ગોંડલ જમાત, ભાણવડ જમાત, ઉપલેટા જમાત, ખંભાળીયા જમાત, કોડિનાર જમાત તેમજ હાજર રહેલ સ્થાનિક ખત્રી બિરાદરો તેમજ બહારગામના આમંત્રિત ખત્રી બિરાદરો એ પોરબંદર જમાતને ઇનામી મેળાવડા પ્રસંગે ડોનેશનોની જાહેરાત કરેલ અને પોરબંદર જમાતની જોળી ભરી આપેલ. તે બદલ સર્વે સંસ્થાઓ, જમાતો અને ખત્રી બિરાદરોનો પોરબંદર જમાત આભાર વ્યકત કરે છે.

જનાબ નઝીરઅહમદ અ.શકુર કારાતેલા, પ્રમુખ સાહેબ, પોરબંદર જમાત દ્વારા આજના કાર્યક્રમમાં હાજર રહેલ સર્વે મહાનુભાવો, દરેક સંસ્થાના હોદ્દેદારો અને દરેક જમાતના પ્રમુખ/સેક્રેટરી અને કમીટી મેમ્બરો કે જેઓએ પોતાનો કિંમતી સમય આપી ગામો ગામથી પધારેલ તેમજ સ્થાનિક ખત્રી બિરાદરોએ પણ આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હાજરી આપી, પોરબંદર જમાતના ઉત્સાહમાં વધારો કરેલ તે બદલ પોરબંદર ખત્રી જમાત આપ સૌ નો દિલી શુક્રીયા અદા કરેલ અને આજના ઇનામી મેળાવડા કાર્યક્રમને સમાપ્ત જાહેર કરેલ.

આજના ઇનામી મેળાવડાના સમગ્ર કાર્યક્રમ કે જે આશરે ત્રણ કલાક જેટલો ચાલેલ, તેને યુ-ટયૂબ લીંક https://www.youtube.com/live/PVJlyYdKVe4?si=BPM_7z6G-FkS3CmP મારફત લાઇવ પ્રસારણ કરવામાં આવેલ ચને દુનિયાભરના વિવિધ દેશોમાં વસવાટ કરતા ખત્રી બિરાદરોએ તેનો લાભ લઇ, પોતે પોરબંદર ખાતે હાજર ન હોવા છતાં યુ-ટયૂબ મારફત લાઇવ નિહાળી આ કાર્યક્રમમાં સમ્મિલિત થઇ આનંદિત થયેલ અને આ કાર્યક્રમ બારામાં પોરબંદર જમાતને પોતાના કિંમતી પ્રતિભાવો આપેલ તે બદલ પોરબંદર ખત્રી જમાત આપ સૌને દિલી શુક્રીયા અદા કરે છે.

ઇફતેતાહ સમારોહ સાથે ઇનામી મેળાવડા પૂર્ણ થયા બાદ, ખત્રી જમાતખાના પોરબંદર ખાતે ‘‘બપોરની ન્યાઝ’’ રાખવામાં આવેલ. જેમાં સર્વે બિરાદરોએ શિરકત કરી, સ્વાદિષ્ટ ભોજન માણી, બહારગામના આમંત્રિત મહેમાનો પોતપોતાના ગામો તરફ પ્રયાણ કરેલ.

અનુસંધાન પાના નં. ૮ ઉપર

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

## જામનગર જમાત દ્વારા શૈક્ષણિક ઈનામી મેળાવડાનો કાર્યક્રમ

હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત-જામનગર તથા ખત્રી મહેફીલે ઈસ્લામ દ્વારા જામનગર કચ્છી ખત્રી જમાતખાનામાં શિક્ષણલક્ષી ઈનામી મેળાવડાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કે.જી. થી કોલેજ ડીગ્રી સુધીના વિદ્યાર્થીઓને યોગ્ય ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. આ તકે હાલાઈ મુસ્લિમ ખત્રી ફેડરેશનના પ્રમુખ જનાબ મુસ્તાકભાઈ ગિરાચ તથા ફેડરેશન બોડીના સભ્યોએ હાજરી આપી ઉત્સાહ વધારેલ. કાર્યક્રમમાં હાલાઈ મુસ્લિમ ખત્રી જમાતના પ્રમુખ જનાબ અકીલ લીયા, મહેફીલે ઈસ્લામના પ્રમુખ જનાબ મો. હુસેનભાઈ ઘુમરા અને ખત્રી જમાતની બોડી સભ્યોએ સહયોગ આપી કાર્યક્રમને સફળ બનાવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જનાબ સલીમભાઈ ઘુમરા, અનવરભાઈ ટાટારીયા, શકીલ લતીફભાઈ, શકીલ યુસુફભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

## જૂનાગઢ જમાતની જનરલ મીટીંગ સંપન્ન, મેનેજીંગ કમીટીની વરણી

તા. ૧૪-૦૯-૨૦૨૪ના રોજ હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત-જૂનાગઢની જનરલ મીટીંગ 'ખત્રી કોમ્યુનીટી હોલ' જૂનાગઢ ખાતે મળી હતી. વર્તમાન વર્કીંગ કમીટીની મુદત પૂર્ણ થતાં નવી બોડી માટે ચૂંટણી કરવામાં આવી હતી, જેમાં જૂની મેનેજીંગ કમીટીને સર્વાનુમતે બિનહરીફ ચૂંટવામાં આવી હતી. ચૂંટાયેલા હોદ્દેદારો/સભ્યોના નામ નીચે મુજબ છે.

(૧) પ્રમુખઃ વલીમોહંમદ અબ્દુલ્લાહ ગીરાચ (અબુભાઈ)
(૨) ઉપપ્રમુખઃ આકીબ અમીન ગિરાચ
(૩) સેક્રેટરીઃ ઈમ્તિયાઝ અ.ગફાર મચ્છર
(૪) જો.સેક્રેટરીઃ બશીર અ.ગફાર ગીરાચ
(૫) ટ્રેઝરરઃ મુસા સિદ્દીક ગિરાચ
સભ્યો તરીકે, (૬) આફતાબ મો.રફીક મચ્છર (૭) ડૉ. વસીમ અ.લતીફ મચ્છર (૮) ઈમ્તિયાઝ અ.ગફાર મચ્છર (આઈ.જી.) (૯) અહેમદરઝા હનીફ મચ્છર (૧૦) ઈમ્તિયાઝ ઈકબાલ ઘુમરા (૧૧) નઈમ સલીમ ધડા (૧૨) વસીમ અમીન ભેડા

જનરલ મીટીંગમાં આ વખતે જૂનાગઢ જમાતના સભ્યોએ સારી એવી સંખ્યામાં હાજરી આપી હતી. આ તકે પ્રમુખ અબુભાઈ ગિરાચે દરેકનો આભાર માન્યો હતો.

## રાજકોટ જમાતની જનરલ મીટીંગ સંપન્ન

તા. ૦૩-૦૯-૨૦૨૪ મંગળવારના રોજ રાત્રે ૧૦.૦૦ કલાકે મન્સૂરી હોલ ખાતે હાલાઈ મુસ્લિમ ખત્રી જમાત રાજકોટની જનરલ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ તિલાવતે કલામે પાક જનાબ હાજી સરફરાઝ છાંટબારે કરેલ. રાજકોટ જમાતના પ્રમુખ હાજી હારૂન છનછરા તેમજ સમગ્ર કારોબારી સમિતિની ટર્મ પૂર્ણ થતી હોય નવી કારોબારી સમિતિના ચયન માટે દરેક કાર્યવાહકોનું રાજીનામું સ્વીકાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નવા પ્રમુખની નિમણૂંક બાબતે દરેક હાજર હાલાઈ ખત્રી જમાતી ભાઈઓ ચર્ચા વિચારણા કરતા નવા પ્રમુખ તરીકે દરેક હાલાઈ ખત્રી બિરાદરોએ સિરાજ આદમ વલોરા પ્રમુખ પદ સ્વીકારે તેવી લાગણી ઉઠાવી હતી, તે જનાબ સિરાજ આદમ વલોરા એ સ્વીકાર કરી હતી. ત્યારબાદ દરેક જમાતીભાઈઓ સાથે મળીને બીજા હોદ્દેદારોની નિમણૂંક કરી હતી. રાત્રે લગભગ ૧૧.૩૦ કલાકે આ જનરલ મીટીંગની મિનિટ્સ બુક વાંચન કરી મીટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવેલ હતી.


President
Siraj A. Valora
Mo. 98792 97705


Secretary
Zamir Y. Ghumara
Mo. 96647 37200



Vice President
Asif A. Karatela
Mo. 97233 43629



Joint Secretary
Dr. Matin H. Dhada
Mo. 85309 35842


Treasurer
Samir R. Ghumara
Mo. 92272 13606


Member
Altaf L. Vijrivada
Mo. 98248 49343


Member
Aadil R. Tatariya
Mo. 81402 05088


Member
Zahir A. Karatela
Mo. 99745 32592



Member
Suzan A. Gelu
Mo. 72029 01023


Member
Mo.Raza H. Dodiya
Mo. 88660 62908



Member
Haji Harun M. ChhanChhra
Mo. 98798 36601


Member
Sikandar E. Valora
Mo. 91068 23990


Member
Shakil Y. Dhada
Mo. 90993 85141


Member
Abdul Samad Daud Gelu
Mo. 90335 67803


Member
Riyaz A. Girach
Mo. 82007 65668


Member
Aarif S. Dhada
Mo. 99248 44869



Member
Haji Sarfaraz A. Chhatbar
Mo. 99980 16775


Since 1945

જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

## 9- The Power of Exercise for a Healthier Life

Unlocking Longevity



## Introduction

*"Longevity is not just about the years you add to your life but the life you add to your years."*

Our body, much like an intelligent machine, goes through the process of self-construction from birth to adulthood and eventually enters a phase of decline. Stress and the demands of modern living can accelerate this decline, especially when compounded by 'Diseases of Civilization' such as diabetes and cardiovascular diseases, which increase the risk of mortality.

If our default programming (nature has programmed) leads to a decline in health over our lifetime, it becomes imperative to explore methods of reprogramming. Regular and optimal exercise is a key tool in this reprogramming process.

In this brief article, we will explore various factors that amplify the probability of death. Following that, we will delve into one of the foremost tools, exercise, to address these factors. For brevity, specific details are not provided here, and you are encouraged to explore them with the assistance of trainers and other available resources.

Exercising for Healthy Longevity emerges as a significant contributor to promoting a long and healthy life, supported by numerous scientific studies.

Exercise takes the lead as the primary pillar of health, complemented by other crucial elements like sleep, food/nutrition, pharmaceuticals/nutraceuticals, emotions, and lifestyle.

## Factors Influencing Mortality

Mortality risk factors encompass a range of conditions and characteristics that amplify the probability of death. Some individuals (including myself) who do not appreciate the term "Mortality Factors" consider them as accomplices in worsening the process of health decline.

Some factors, such as age and genes, are beyond our control and are therefore not listed below:

1. **Health Conditions**
   Chronic illnesses such as heart disease, diabetes, cancer, and respiratory disorders can significantly heighten mortality risk.


Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

**Dhada Hospital**
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472

**City General Hospital**
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 Times of Khatri October-2024 Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:

ટાઇમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## ઉન્નતી કે સિતારે

જનાબ અ.વાહિદ મો.હુસેન દગીચાના સુપુત્ર **અહમદ** એ Master of Pharmaceutical Science with Management Studies (MSc degree) ડિગ્રી Kingston University, London થી મેરીટ ગ્રેડ સાથે પૂર્ણ કરેલ છે. મુબારકબાદ....

જેતપુરના રહીશ જનાબ અ.વાહિદ મો.હુસેન દગીચાના સુપુત્ર **મો.યાસીન** એ એમ.એસ. યુનિવર્સિટી-વડોદરા ખાતે ગણિતમાં Ph.D. કરી રહેલ છે, હવે GPSC દ્વારા બહાઉદ્દીન કોલેજ-જૂનાગઢમાં 'ગણિતના આસિસ્ટન્ટ પ્રોફેસર (GEC વર્ગ-II) તરીકે નિયુકત થયેલ છે.

## તશ્રીફે જહાં

પોરબંદરના રહીશ (હાલ-દુબઇ) જનાબ જમીલ અનવર માંધુના પુત્ર અહેમદરઝાને ત્યાં જોડીયા (ટ્વીન્સ) પુત્ર નામે **મોહમદબુરહાન** અને પુત્રી નામે **બરિહાફાતિમા** તા. ૪-૮-૨૦૨૪ના રોજ જન્મેલ છે. તેમજ જનાબ મોહમદ રફીક અનવર માંધુના પુત્ર કલીમઅખ્તરને ત્યાં પુત્ર નામે **મોહમદહમદાન** તા. ૨૮-૮-૨૦૨૪ના રોજ જન્મેલ છે. આ ખુશીના પ્રસંગે મોહમદ અમીન અનવર માંધુ તથા પટેલ પરિવાર તરફથી હાલાઇ મુસ્લિમ ખત્રી જમાત-પોરબંદરને રૂા. ૧૧૧૧, ઓલ મુસ્લિમ ખત્રી અંજુમનને રૂા. ૧૧૧૧, ખાદીમ પત્રિકાને રૂા. ૧૧૧૧, હાલાઇ મુસ્લિમ ખત્રી ફેડરેશનને રૂા. ૧૧૧૧, હાલાઇ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૧૧૧૧, ઇકો ફાઉન્ડેશનને રૂા. ૧૧૧૧ બક્ષિસ આપેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ.

## રૂખ્શતે જહાં

ખત્રી બશીરભાઇ અહેમદ (રીક્ષાવાલા/નેશનલ મંડપવાલા)નો તા. ૧૭-૯-૨૦૨૪ના રોજ ઇન્તેકાલ થયેલ છે. અલ્લાહ પાક મર્હુમને જન્નતતુલ ફીરદૌસમાં આલા મકામ અતા ફરમાવે, આમીન.

ડોંગરી (મુંબઇ)ના નજમા અ.રશીદ ગિરાચનો તા. ૨૪-૯-૨૦૨૪ના રોજ ઇન્તેકાલ થયેલ છે. અલ્લાહ પાક મર્હુમાને જન્નતતુલ ફીરદૌસમાં આલા મકામ અતા ફરમાવે, આમીન.

અનુસંધાન પાના નં. ૨ નું ચાલુ...

ઇન્સાનનો સંબંધ શૈતાન અને ફરિસ્તા એમ બંને પ્રકારે જળવાઇ રહયાનું જોવામાં આવ્યું છે. શૈતાનની નજીકતાથી ઇન્સાન બૂરાઇ તરફ ધકેલાઇ જવાની વધુ શકયતા હોય છે જયારે ફરિસ્તાથી નજીકતાના કારણે સદ્‌વર્તન, ભલાઇ અને હકકતરફી વાળું જીવનની પ્રેરણા મળતી હોય છે. આ બીજી પ્રેરણાથી જ ઇન્સાન ફરિસ્તા જેવો લાગે છે. આ બધું અલ્લાહ તઆલા તરફથી હોય છે. તેમાં જો પીરો મુર્શીદનો સાથ મળી જાય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય ફરિસ્તાની સિફત ઇન્સાન માટે જરૂરી છે કે શૈતાનના હર એક ફરેબથી બચતો રહે, અલ્લાહની હમ્દો-સના કરતો રહે, દુરૂદ શરીફ પઢતો રહે. પ્રથમવાળી સિફત (શૈતાનીયત) જણાય તો અલ્લાહથી પનાહ માંગી અસ્તગફાર તરફ વધુ ધ્યાન દેવું જોઇએ અલ્લાહ તઆલાથી દુઆ છે કે આપણને સૌને શૈતાની હરકતોથી મેહફૂઝ રાખે, આમીન-સુમ્મા આમીન.

અનુસંધાન પાના નં. ૫ નું ચાલુ...

સ્થાનિક જમાતી બિરાદરો માટે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી 'લેડીઝ ખત્મે કુરઆન'નો કાર્યક્રમ ખત્રી જમાતખાને રાખવામાં આવેલ.

સ્થાનિક જમાતી બિરાદરો માટે રાત્રે ૮.૩૦ વાગ્યાથી 'રાત્રી ન્યાઝ'નો કાર્યક્રમ જમાતખાને રાખવામાં આવેલ.

પોરબંદર જમાતખાના ઇફતેતાહ અને ઇનામી મેળાવડાના આજના આ ખુશીના પ્રસંગ જમાતની આવનારી પેઢી માટે 'સીમાચિન્હ રૂપે' યાદગાર રહેશે કે સમાજના કોઇપણ કામમાં ખુલુસ દિલીથી અને મકકમ નિર્ધાર કરીને આગળ વધવામાં આવે તો સમાજનો પુરેપુરો સહકાર તેમજ ધ્યેય પ્રાપ્તિમાં અલ્લાહ તઆલા તરફથી ગેબી મદદ અવશ્ય પ્રાપ્ત થાય છે.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.